**પરિપત્ર ક્રમાંક.૦૨/૨૦૨૫** પરિવહન ખાતું (વાણીજ્ય શાખા)

વિષય:- "મન ફાવે ત્યાં ફરો" યોજનાના દરોમાં સુધારો કરવા બાબત.
સંદર્ભ:-૧) નં.ગુરામા/પરિ/વાણી/મ.ફા.ફ./૧૦૨૧,તા-૧૦/૦૮/૨૦૨૩ (પરિપત્ર નં. ૦૫/૨૦૨૩)
૨) નિગમના સંચાલક મંડળનો ઠરાવ ક્રમાંક:૧૦૧૨૮,તા-૨૭/૦૩/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અન્વયે મુસાફર જનતાને રાજ્યના ઐતિહાસિક, ધાર્મિક, અગત્યના ઔધોગિક એકમોની મુલાકાત સસ્તા ભાડાના દરથી ગુજરાત રાજ્યની હદમાં ગમે ત્યાં પ્રવાસ/મુસાફરી કરી શકે તે માટે ૭ દિવસના પાસની "મન ફાવે ત્યાં ફરો " ની યોજના તા.૦૧-૦૩-૨૦૦૬ થી અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યારબાદ ૪ દિવસના પાસની "મન ફાવે ત્યાં ફરો" ની યોજના પણ અમલમાં મુકવામાં આવેલ છે. જે બાબતે સંદર્ભિત પત્ર નં.૧ થી અપાયેલ સૂચનાઓ અનુસારના દરો હાલમાં અમલી છે.

તાજેતરમાં સંચાલક મંડળના સંદર્ભ નં.૨ થી થયેલ ઠરાવ મુજબ મુસાફર સર્વીસોના ભાડામાં થયેલ વધારાને અનુલક્ષીને "મન ફાવે ત્યાં ફરો" યોજના હેઠળ ૭ દિવસ અને ૪ દિવસની અલગ અલગ યોજનાના દરો માં નીચે દર્શાવેલ પત્રક મુજબનો સુધારો કરવામાં આવે છે.

| "મન ફાવે ત્યાં ફરો"યોજના | | | | | |
|---|---|---|---|---|---|
| સર્વિસનો પ્રકાર | કેટેગરી | તા.૧૦/૦૮/૨૦૨૩ થી અમલી | | નવીન સૂચિત ભાડું રૂ (તા.૨૯/૦૩/૨૦૨૫ થી અમલી) | |
| | | ૭ દિવસની યોજના માટેનું ભાડું રૂ. | ૪ દિવસની યોજના માટેનું ભાડું રૂ. | ૭ દિવસની યોજના માટેનું ભાડું રૂ. | ૪ દિવસની યોજના માટેનું ભાડું રૂ. |
| લોકલ/ એક્સપ્રેસ/ ગુર્જરનગરી | પુખ્ત | 1450 | 850 | 1595 | 935 |
| | બાળક | 725 | 425 | 800 | 470 |
| લક્ઝરી/નોન-એ.સી.સ્લીપરકોચ | પુખ્ત | 1700 | 950 | 1870 | 1045 |
| | બાળક | 850 | 475 | 935 | 525 |
| એ.સી.સીટર | પુખ્ત | 3350 | 1950 | 3685 | 2145 |
| | બાળક | 1675 | 975 | 1845 | 1075 |
| વોલ્વો સીટર | પુખ્ત | 5100 | 2950 | 5610 | 3245 |
| | બાળક | 2550 | 1475 | 2805 | 1625 |
| નોન એસી સ્લીપરકોચમાં વધારાનો બર્થ ચાર્જ | | રૂ.૮૦/-વધારે ચાર્જ | | રૂ.૯૦/-વધારે ચાર્જ | |



Scanned with OKEN Scanner

* સદર બંને યોજનાના માટે તમામ માસ માટે (પત્રક મુજબ) એક જ ભાડુ વસુલવાનું રહેશે.
* સદર બંને યોજનામાં પાસધારક પાસેથી ટોલટેક્ષની રકમ ફરજ ઉપરના કંડકટરે અલગથી વસુલ કરવાની રહેશે.
* સદર બંને યોજનામાં લાભ લીધેલ મુસાફરોની વિગતોનું માસવાર રજીસ્ટર નિભાવવાનું રહેશે.
* સદર બંને યોજનામાં કરાયેલ સુધારાનો અમલ તા.૨૯/૦૩/૨૦૨૫ થી કરવાનો રહેશે.

**વધુમાં ઉપરોક્ત ફેરફાર સિવાય સદર યોજના સંલગ્ન પરિપત્ર નં.૫, તા.૨૩/૦૨/૨૦૦૬ થી આપવામાં આવેલ લાગુ પડતી અન્ય સૂચનાઓ યથાવત રહેશે.**

**મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક**
**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ**

નં.ગુરામા/પરિ/વાણિ/મ.ફા.ફ./૩૭૪
મધ્યસ્થ કચેરી, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ.
તા.૨૮/૦૩/૨૦૨૫.

પ્રતિ,
વિભાગીય નિયામકશ્રી
એસ.ટી.અમદાવાદ,અમરેલી,વડોદરા,ભરૂચ,ભૂજ,ભાવનગર,ગોધરા,હિંમતનગર,મહેસાણા, પાલનપુર,જામનગર,જૂનાગઢ,રાજકોટ,નડીયાદ,સુરત,વલસાડ.

<u>ન.સ.રવાના:-</u>

* ઉપા. અને વ.સં.શ્રીના અંગત મદદનીશશ્રી - કાર્યપાલક સંચાલકશ્રી (જાગૃતિ) ના અંગત મદદનીશશ્રી- મુ. વ્ય. શ્રી (સંચા./વહી.) ના અંગત મદદનીશશ્રી - મુ.હિ.અ. અને ના.સ.શ્રી - મુખ્ય મહેકમ અધિકારીશ્રી - મુખ્ય યાંત્રિક ઈજનેરશ્રી - મુખ્ય કામદાર અધિકારીશ્રી - મુખ્ય બાંધકામ ઈજનેરશ્રી - મુખ્ય આંકડા અધિકારીશ્રી - કાનુની સલાહકારશ્રી - નિગમના સચિવશ્રી - ખરીદ અને ભંડાર નિયામકશ્રી – ચીફ મેનેજરશ્રી (તાલીમ,ઓડીટ અને મોનીટરીંગ), યંત્રાલય વ્યવસ્થાપકશ્રી, નરોડા - મુદ્રણાલય વ્યવસ્થાપકશ્રી, નરોડા તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે
* ઈ.ડી.પી. મેનેજરશ્રી, એસ.ટી. મધ્યસ્થ કચેરી, અમદાવાદ તરફ જાણ તથા ઉપરોકત નવા ભાડાના દરોનો અમલ ઓનલાઈન તમામ મોડ્યુલોમાં કરાવી તે મુજબ જરૂરી ફેરફારો તાત્કાલીક કરવા માટે વિભાગોને જરૂરી સુચનાઓ પાઠવવા સારૂ.

**મુખ્ય પરિવહન અને વાણીજ્ય વ્યવસ્થાપક**
**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ**



Scanned with OKEN Scanner

# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

## "મન ફાવે ત્યાં ફરો યોજના"

અરજી પત્રક (વિના મુલ્યે)

તા. ....................

પ્રતિ,

ડેપો મેનેજરશ્રી,

એસ.ટી. ..............

મહાશય,

હું નીચે સહી કરનાર શ્રી/શ્રીમતિ/કુમારી . ............................................................... ઉંમર .......... વર્ષ રહેવાસી..................................................................................... નિગમની "મન ફાવે ત્યાં ફરો યોજના" હેઠળ લોકલ/ એકસપ્રેસ/ ગુર્જરનગરી / લકઝરી કોચ/ નોન એ.સી.સ્લીપર-સીટર/ એ.સી.સીટર/ વોલ્વો સીટર સર્વિસ માટે તા. ......................થી ...................... ૪ કે ૭ દિવસ માટે પ્રવાસ કરવા ઈચ્છુ છું.

**આપનો વિશ્વાસુ,**

............................................................

---

<u>ઓફિસના ઉપયોગ માટે</u>

શ્રી/શ્રીમતિ/કુમારી ..................................................................... ને લોકલ/ એકસપ્રેસ/ ગુર્જરનગરી / લકઝરી કોચ/ નોન એ.સી.સ્લીપર-સીટર/ એ.સી.સીટર/ વોલ્વો સીટર સર્વિસ માટે તા. ......................... થી ........................ ૪ કે ૭ દિવસના પ્રવાસ માટે "મન ફાવે ત્યાં ફરો યોજના" હેઠળ ઓળખકાર્ડ નંબર ........................... ઈસ્યુ કરવામાં આવે છે.

ઈસ્યુ કરનારની સહી

હોદ્દો,...............તારીખ...............